# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-08-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી : વાઇબ્રાન્ટ ગુજરાત સંમેલન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમલેન-VGRCનો શુભારંભ કરાવ્યો હતો . આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે, વાઇબ્રન્ટ સમિટની 10 કડીની ઉતરોત્તર સફળતાથી ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગગૃહોનું કેન્દ્ર બન્યું છે.

તેમણે ઉમેર્યું કે, રોકાણકારોને રાજ્યની ક્ષમતા અને શક્તિનો વધુને વધુ લાભ મળે તેવો ધ્યેય રાજ્ય સરકારે રાખ્યો છે. રાજ્યના અલગ અલગ ચાર ઝોનમાં આવી કોન્ફરન્સ યોજાવાની છે ત્યારે ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનું દિશાદર્શન કરીને અગ્રેસર રહેવા VGRC મહત્વનું મંચ બનશે તેવો મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

-----------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી જનધન યોજના

પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે 11 વર્ષ પૂર્ણ થયા. આ વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશક પહેલમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઑગસ્ટ 2014માં લાલ કિલ્લાની પ્રાચિર પરથી આ પહેલની જાહેરાત કરી હતી.

પ્રધાનમંત્રીએ આજે પ્રધાનમંત્રી જન ધન યોજનાની 11મી વર્ષગાંઠ નિમિત્તે એક સંદેશમાં જણાવ્યુ કે આ પરિવર્તનશીલ પહેલ છે જેણે સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશને ફરીથી આકાર આપ્યો છે.

શ્રી મોદીએ ખાતરી આપી કે PMJDY એ ગૌરવ વધાર્યું છે અને લોકોને છેલ્લા માઇલ સુધી નાણાકીય સમાવેશ પ્રાપ્ત કરીને પોતાનું ભાગ્ય લખવાની શક્તિ આપી છે.

-------------------------------------------------------------------------------------------

## કચ્છમાં નવી રેલવે લાઇનને મંજૂરી

વૈશ્વિક ધરોહર ધોળાવીરા, પૌરાણિક મહત્ત્વ ધરાવતા નારાયણ સરોવર અને ઐતિહાસિક લખપતનો બહોળા પ્રમાણમાં વિકાસ થાય તેવા ઘટનાક્રમમાં ધોળાવીરા, દેશલપર, હાજીપીર, લુણા, વાયોર અને લખપતને જોડતી 145 કિલોમીટરની નવી રેલ લાઈનને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી છે.

પ્રસ્તાવિત નવી લાઇનનો અંદાજિત ખર્ચ 2 હજાર 5 સો 26 કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ 3 વર્ષમાં પૂર્ણ થશે. નવી રેલ લાઇન કચ્છ જિલ્લાના દૂરના વિસ્તારોને રેલ જોડાણ પ્રદાન કરશે. આ રેલ્વે લાઇન પ્રવાસનને વેગ આપવા ઉપરાંત મીઠું, સિમેન્ટ, કોલસો, ક્લિંકર અને બેન્ટોનાઇટના પરિવહનમાં પણ મદદ કરશે. રેલવે લાઇનથી, 13 નવા રેલ્વે સ્ટેશન ઉમેરવામાં આવશે જેનો લાભ 866 ગામો અને લગભગ 16 લાખ લોકોને મળશે. આ પ્રોજેક્ટ્સનું આયોજન પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન હેઠળ કરવામાં આવ્યું છે.

-------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય રમતગમત દિવસ

મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિના સન્માનમાં આવતીકાલે ૨૯મી ઓગષ્ટે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ વર્ષે “એક ઘંટા ખેલ કે મેદાન મે !” થીમ પર રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સહિત કચ્છમાં આવતીકાલથી ૩૧ ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસ સુધી ગ્રામ્ય કક્ષાએથી લઈને જિલ્લાકક્ષા સુધીના રમત-ગમતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓમાં 'ફીટ ઈન્ડિયા'ના શપથ સાથે મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

ત્યારબાદ ૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ભુજ ખાતે વિવિધ સ્પર્ધાનું આયોજન કરાશે. જેમાં પોલીસ વિભાગની ટીમો સાથે અન્ય સરકારી વિભાગો અને શાળાઓની ટીમો ભાગ લેશે.

જયારે, ત્રીજા દિવસ એટલે કે ૩૧મી ઓગસ્ટે ગાંધીધામ ખાતે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સહભાગી બનાવી 'સાયકલ ઓન સન્ડે'નું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, કચ્છની તમામ નગરપાલિકાઓમાં વોર્ડવાઈઝ રમતોનું આયોજન કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## માર્ગ અકસ્માત

મુન્દ્રા-અંજાર ધોરીમાર્ગ પરના ખેડોઇ નજીક આજે બપોરે કન્ટેનર ટ્રેલર અને દ્વિચક્રી વાહન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મોપેડ પર કન્ટેનર પડતાં ત્રણ યુવાનનાં કન્ટેનર નીચે કચડાઈને ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતા. લોહિયાળ બનેલા માર્ગ પર શરીરનાં અંગો વેરવિખેર થયેલા જોવા મળ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ, મુન્દ્રા ધોરીમાર્ગ ઉપર પૂરપાટ ઝડપે જઈ રહેલું એક ટ્રેલર અચાનક બેકાબૂ બની જતાં તેના પર રહેલું કન્ટેનર ફંગોળાઈને બાજુમાંથી પસાર થતા દ્વિચક્રી વાહન ઉપર પડ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે એક યુવકના શરીરના બે ભાગ થઈ ગયા હતા.

કન્ટેનરને દૂર કરવા માટે ક્રેન બોલાવવી પડી હતી. કલાકો સુધી ચાલેલી આ કામગીરી બાદ કન્ટેનર નીચે દબાયેલા ત્રણ યુવાનના મૃતદેહોને બહાર કાઢી અંજારની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## એનસીસી, લખપત ખાતે કાર્યક્રમ

36 ગુજરાત બટાલિયન એન.સી.સી.ના કેડેટ્સે સરહદી અને ઐતિહાસિક સ્થળ લખપત કિલ્લાના પરિસર ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના સંદેશ પર નુક્કડ નાટકનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે સરહદના અંતરિયાળ ગામોની દીકરીઓ પણ શિક્ષણથી વંચિત ન રહે તે જોવા હાકલ કરાઇ હતી. એનસીસી દ્વારા શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દેશની આંતરરાષ્ટ્રીય સરહદો પર સશક્ત અને સમૃદ્ધ ગામડાઓ વિકસાવવા, તેમની સ્થિતિમાં સુધારો કરવા, ગામડાઓમાં આર્થિક તકો વધારવા અને સરહદી વિસ્તારોમાં રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતી સરકારની પહેલ વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨.૦ હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ટેકાના ભાવે વેચાણ

ચાલુ સિઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો પહેલી સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે.

આ અંગે વધુ માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ કે, ટેકાના ભાવે વેચાણનો મહત્તમ ખેડૂતો લાભ લઇ શકે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે અત્યારથી જ નોંધણી શરૂ કરાઇ છે. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ઈ-સમૃદ્ધી પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા શ્રી પટેલે અનુરોધ કર્યો છે.

---------------------------------------------------------------------------------------